# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧૬ તા. ૭-૧૨-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષયઃ- ઝોન કક્ષાના બાળરમતોત્સવ અને શિક્ષકો માટેનો રમતોત્સવ ૨૦૧૫-૧૬ના આયોજન બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે જીસીઈઆરટી તેમજ ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદના સંયુકત ઉપક્રમે બાળરમતોત્સવ અને શિક્ષકો માટેનો રમતોત્સવ ૨૦૧૫-૧૬(વોર્ડ કક્ષા સુધી) તા.૨૦.૧૦.૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઝોન કક્ષાના રમતોત્સવનું આયોજન તા.૧૦-૧૨-૧૫ ને ગુરૂવારે ૮.૩૦ કલાકે નીચે પ્રમાણેનું રહેશે.

ઝોનકક્ષાનું આયોજન

| ક્રમ | ઝોન | કેન્દ્રનું સ્થળ અને સરનામુ | કેન્દ્ર સંચાલકશ્રીનું નામ | જવાબદાર અધિકારી |
|---|---|---|---|---|
| ૧ | ઉત્તર | એસ.આર.પી. શા.નં.૧ | શ્રી પ્રકાશ એમ.પટેલ | ડૉ.સત્યેન્દ્રસિંહ ઠાકુર |
| ૨ | દક્ષિણ | મણિનગર શા.નં.૬ | શ્રી દેવ્યાનીબેન એન.ઉપાધ્યાય | શ્રી દિનેશભાઈ એ.દેસાઈ |
| ૩ | પૂર્વ | અંબિકાનગર શા.નં.૧ | શ્રી જશવંતભાઈ પટેલ | શ્રી ચંદ્રકાંતભાઈ ગામેતી |
| ૪ | પશ્ચિમ | નારણપુરા શા.નં.૧/૨ | શ્રી કનુભાઈ પટેલ | શ્રી નલિનીબેન પોપટાણી |

રમતોત્સવ અંગેનાં કાર્યક્રમની રૂપરેખા તેમજ વિસ્તૃત માહિતી અગાઉ પરિપત્ર નં.૮૯ તા.૧૪.૧૦.૧૫ માં આપવામાં આવેલ છે, તેનું પાલન કરવાનું રહેશે

**-: ઝોન કક્ષાના રમતોત્સવ માટેની અગત્યની સૂચનાઓ :-**

૧. વોર્ડ કક્ષાએથી દરેક રમત માટે પ્રથમ બે વિજેતાને ઝોન કક્ષાએ ભાગ લેવા માટે લઈ જવા. સાંઘિક રમતોમાં પ્રથમ વિજેતાને જ ઝોન કક્ષાએ લઈ જવા.

૨. સ્પર્ધાના તમામ પ્રવેશપત્રો, વિજેતા વિદ્યાર્થીઓની યાદી જે-તે દિવસે સ્પર્ધા પૂર્ણ થયે જે-તે ઝોનની કેન્દ્રસંચાલકશ્રીએ જે-તે ઝોનના યુ.આર.સી.ને પહોંચતા કરવા.

૩. મુખ્ય શિક્ષકશ્રીએ ખેલાડીઓના પ્રવેશપત્રની નીચે નમૂના મુજબનું પ્રમાણપત્ર લખી સહિ-સિકકા સાથે મોકલવું.

૪. જે-તે શાળાના આચાર્યશ્રીના સહી / સિક્કાવાળું ખેલાડીનું ઓળખપત્ર ક્રમશઃ આગળના રમતોત્સવમાં રજીસ્ટ્રેશન સમયે ફરજિયાત આપવાનું રહેશે.

૫. ઝોન કક્ષાના રમતોત્સવ માટે કેન્દ્ર શાળાના મુખ્ય શિક્ષકે મેદાન,સ્ટેજ, માઈક તેમજ રમતોત્સવને આનુષાંગિક તમામ સગવડો પુરી પાડવી.

તા. ૭-૧૨-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી